અપીલ અરજી નં.૧૮૫ તા.૧૯–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી
સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા.૧૭–૮–૦૯ ની અરજીથી આકારણી અધિકારીઓ તથા વોર્ડ નં.૩૦ ના કોર્પોરેટર તેમજ મળતિયાઓ ધ્વારા હોદ્દાનો દુરપયોગ કરી ભાડુતના નામ કમી કરવા, આકારણી ઓછી કરવા, નવા ભાડુતના નામ દાખલ ન કરવા, વિગેરે હરકત કરી સુરત મહાનગરપાલિકાને નુકશાન કરી રહયા છે. જેના અનુસંધાને (૧) દયાશંકરસિંહ (૨) વિનોદ ભગવાન પાટીલ (૩) રામકિકરશ્રી ભગવત ઓઝા (૪) જ્ઞાનપ્રકાર શ્રીવાસ્તાવ (૫) બ્રહમદેવ(૬) સર્વેસ શુકલા (૭) નરેન્દ્ર મિશ્રા (૮) ઓમપ્રકાશ ઘંટીવાલા (૯) રાધેશ્યામ તિવારી(૧૦) ગુલઝારીલાલ ઉપાધ્યાય (૧૧) સુભાષસિંહ મૌર્યના ચાલુ વર્ષના વેરાબીલની નકલ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૧–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૮૫/૨૦૦૯–૧૦

શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા.૧૭–૮–૦૯ ની અરજીથી આકારણી અધિકારીઓ તથા વોર્ડ નં.૩૦ ના કોર્પોરેટર તેમજ મળતિયાઓ ધ્વારા હોદ્દાનો દુરપયોગ કરી ભાડુતના નામ કમી કરવા, આકારણી ઓછી કરવા, નવા ભાડુતના નામ દાખલ ન કરવા, વિગેરે હરકત કરી સુરત મહાનગરપાલિકાને નુકશાન કરી રહયા છે. જેના અનુસંધાને (૧) દયાશંકરસિંહ (૨) વિનોદ ભગવાન પાટીલ (૩) રામકિકરશ્રી ભગવત ઓઝા (૪) જ્ઞાનપ્રકાશ શ્રીવાસ્તાવ (૫) બ્રહમદેવસિંહ(૬) સર્વેસ શુકલા (૭) નરેન્દ્ર મિશ્રા (૮) ઓમપ્રકાશ ઘંટીવાલા (૯) રાધેશ્યામ તિવારી(૧૦) ગુલઝારીલાલ ઉપાધ્યાય (૧૧) સુભાષસિંહ મૌર્યના ચાલુ વર્ષના વેરાબીલની નકલ ની માહિતી આપવા બાબતે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૭૩ તા.૯–૯–૦૯ થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૫ તા.૧૯–૯–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૩૦૨ તા.૨૯–૯–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતીનો પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૭૩ તા.૯–૯–૦૯ ના રોજના પત્રની નકલ તથા તેને પોસ્ટ કર્યાના યુપીસીના પુરાવા તેમજ પ્રોપર્ટી ટેક્ષ એસેસમેન્ટ એન્ડ કલેકશન સિસ્ટમ(સર્ચ) કર્યા અંગેની અરજદારની અરજીમાં દર્શાવેલ ૧ થી ૧૧ નામોની ચકાસણી કર્યાની હાર્ડકોપી ની નકલ તથા અરજદારને જરૂરી સંપૂર્ણ વિગતોની સ્પષ્ટતા સાથે માહિતીની જરૂર હોય તો આકારણી વિભાગમાં લેખિતમાં સ્પષ્ટતા કરવા પાઠવેલ પત્ર સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૨૨૭ તા.૨૨–૯–૦૯ ની નકલ તથા તેને પોસ્ટ કર્યાના યુપીસીના પુરાવા અને નોંધ વિભાગ અપીલ તબકકે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૭–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ ૧ થી ૧૧ નામો કમી કરવા તથા ભાડુતના નામ દાખલ ન કરી આકારણી ઓછી કરાવી સુરત મહાનગરપાલિકાની આવકને નુકશાન પહોંચાડી રહયા છે તે અંગે સદર નિર્દિષ્ટ ૧ થી ૧૧ નામવાળા વેરાબીલની નકલની માંગણી કરેલ છે. જે બાબતે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૭૩ તા.૯–૯–૦૯ થી તેની "માહિતી કોમ્પ્યુટરની મદદથી પ્રોપર્ટી ટેક્ષ એસેસમેન્ટ એન્ડ કલેકશન સિસ્ટમ(સર્ચ) પ્રોગ્રામ ધ્વારા કાઢવામાં આવેલી માહિતીમાં પત્રમાં જણાવેલ વ્યકિતઓના નામે કોઈ મિલ્કત નોંધાયેલ હોવાનું માલુમ પડતું નથી. વધુમાં એસેસમેન્ટ દફતરી નોધ માટે મિલ્કતનો મ્યુ. કરવેરાના હેતુ સારું ઓળખ ટેના નંબર, વોર્ડ નંબર, પૂરેપુરું સરનામું, સોસાયટીનું નામ, પ્લોટ નંબર, નોંધ નંબર વિગેરે માહિતી ખાસ જરૂરીયાત હોય તો સદર માહિતી લેખિતમાં આકારણી વિભાગમાં રજૂ કર્યેથી સ્થળ તપાસ કે સ્થિતિ મુજબની માહિતી આપી શકાશે." તેવી માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે તા.૧૧–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરી એપેલન્ટને ખોટી માહિતી આપેલ છે અને ગેરમાર્ગે દોરેલ છે તેવું જણાવી અમારી તા.૧૭–૮–૦૯ ની હિન્દીમાં લેખિતમાં અરજી કરીને જણાવેલ વ્યકિતઓના નામે ઘણી બધી પ્રોપર્ટીઓ મ્યુ આકારણી દફતરે ચાલે છે તેથી માંગેલી માહિતી પૂરી પાડવા તથા ખોટી માહિતી પૂરી પાડવા બાબતે જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ કાનુની પગલા લેવા રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે પૂરક માહિતીમાં પ્રોપર્ટી ટેક્ષ એસેસમેન્ટ એન્ડ કલેકશન સિસ્ટમ(સર્ચ) ની ૧ થી ૧૧ વ્યકિતની સર્ચ કર્યાની હાર્ડકોપીની નકલ રજૂ કરેલ છે. જેમાં સદર નામ ઉપર કોઈ પ્રોપર્ટી દફતરે નોંધાયેલ હોય તેવું જણાતું નથી. આ ઉપરાંત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પત્ર નં..સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૨૨૭ તા.૨૨–૯–૦૯ થી તેઓની મિલ્કતની ઓળખ માટે ટેના નંબર, વોર્ડ નંબર, પૂરેપુરું સરનામું, સોસાયટીનું નામ, પ્લોટ નંબર, નોંધ નંબર બાબતે અત્રેના આકારણી વિભાગમાં લેખિતમાં સ્પષ્ટતા કરવા જણાવેલ તેની આજ દિન સુધી સ્પષ્ટતા થઈ નથી તેવું પણ જણાવેલ છે અને ફરીથી સ્પષ્ટતા કરી જશો તેવું જણાવેલ છે.આમ અરજદારે કોઈ વિગતવાર માહિતી કે સ્પષ્ટતા મિલ્કતો બાબતે જાહેર માહિતી અધિકારીને કરેલ નથી તેમજ અપીલ તબકકે કરેલા દાવાના સમર્થનમાં કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મિલ્કતની ઓળખની વિગતો પૂરી પાડી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ: –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી,